Introduction

## આ મુ ખ

કોઇપણ ભાષાના બે મુખ્ય પાસાં તે શબ્દો તથા વાકયો. યથોચિત શબ્દોની પસંદગી તથા ગોઠવણી કરીને વાકયરચના થાય તો ભાષા ખીલી ઉઠે. આજે સામાન્ય રીતે સમાજમાંથી તેમ જ શિક્ષકઆલમમાંથી એવો સૂર સંભળાય છે કે આપણા વિદ્યાર્થીઓના ભાષાશક્તિ ને કૌશલ્યો જોઇએ તેટલાં ખીલતાં નથી. ગૂજરાતી વિદ્યાર્થીઓની પ્રથમ ભાષા હોવાથી અને તેમાં જ એમને પોતાના વિચારો તથા ઉર્મિઓ વ્યકત કરવાના હોવાથી એના પર આપણા યુવકો પ્રભુત્વ મેળવે એ અત્યંત આવશ્યક છે અને તેથી જ ભાષાને લગતાં સંશોધનો જેમ બને તેમ વધારે પ્રમાણમાં થાય એ ઇચ્છનીય છે. તેને આધારે જ વિદ્યાર્થીઓનો ભાષાવિકાસ સાધવાની પૂર્વયોજિત યોજનાઓ હાથ ધરી શકાય. વળી હું પોતે ભાષાની અભ્યાસી છું અને એમ.એડ. ની પરીક્ષા માટે મેં જે લઘુ નિબંધ તૈયાર કર્યો હતો તે ગૂજરાતી વાકયબંધો (structures)*અંગેનો જ હતો. આથી મારા માર્ગદર્શક સાથેની ચર્ચા બાદ શ્રેણી ૧ થી ૫ ના વિદ્યાર્થીઓનું વાપર શબ્દભંડોળ શોધવાનો નિર્ણય મેં કર્યો અને મારા કામનો પ્રારંભ કર્યો.

પ્રસ્તુત સંશોધનને સ્પષ્ટ આકાર આપવામાં મારા માર્ગદર્શક ડો. મધુભાઇ બૂચનો ફાળો ઘણો મહત્ત્વનો છે. સંશોધન-કાર્યના ત્રણ વર્ષ દરમિયાન મને એમના તરફથી હંમેશ સતત માર્ગદર્શન ને પ્રોત્સાહન મળતાં રહયાં છે. આથી સૌ પ્રથમ હું કૃતજ્ઞતાપૂર્વક એમના ઋણનો સ્વીકાર કરું છું. સંશોધનના આરંભથી અંત સુધી પ્રત્યેક તબકકે મને અભિપ્રેરિત કરવા માટે તેમજ

ચર્ચા દ્વારા સૂચનો કરવા માટે તથા પ્રાપ્ત હકીકતો પરથી તારણો કાઢવામાં માર્ગદર્શન આપવા માટે શ્રી. ચન્દ્રવદન શાહનો પણ હું અહેસાન માનું છું. સંશોધનના કામ માટે આવશ્યક સગવડો આપવા માટે સાર્વજનિક વિદ્યાલયના આચાર્ય ડૉ. ધીરુભાઇ દેસાઇનો તથા આ સંશોધનના સર્વેક્ષણ કાર્ય માટે શહેર તથા ગામડાંની શાળાઓમાં વ્યવસ્થા કરી આપવા માટે ડૉ. હરિકૃષ્ણભાઇ જોશી તથા શ્રી અલ્લુભાઇ શાહની પણ હું આભારી છું. વળી જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીઓની ભાષાના નમૂના લેવાની સુવિધા કરી આપી તેમાં સહાયભૂત થવા માટે દસે શાળાના આચાર્યો ને શિક્ષકોનો તથા વિદ્યાર્થીઓનો તેમ જ સંશોધનના સર્વેક્ષણના પત્રકો તૈયાર કરવામાં સહાય કરવા બદલ બહેન નીલિમા તથા અંજનીનો પણ હું આભાર માનું છું. આ સંશોધનને સુઘડ રીતે ટાઇપ કરનાર શ્રી મનહરભાઇ કાપડિયા તથા સહકાર્યકરો અને મિત્રો જેમણે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મદદ કરી છે તે બધાંનો હું હાર્દિક આભાર માનું છું.

વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેના આ સંશોધનમાં આપેલી વિવિધ શબ્દયાદીઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અભ્યાસક્રમ ઘડનારાઓ તથા પાઠ્યપુસ્તકોના લેખકોને ઉપયોગી નીવડશે અને આ સંશોધનમાંથી શિક્ષણ – સુધાર માટેનું અનુકાર્ય નીપજશે તો મારી મહેનત સાર્થક થયેલી માનીશ.

સુરત, ૧૦– ૭–૧૯૭૫